ધી ન્યુ સીવીલાઇઝડ થીએટ્રીકલ કું૦
ઓફ ગ્વાલીઅર.

શ્રીમતી મંજરી.

નાટકના ગાયનો તથા ટુંક સાર.

નાટક રચનાર—

મુનશી મહમ્મદઅલી સાહેબ.

[illegible] પ્રસિદ્ધ કરનાર—

કંપનીના માલીકો.

[illegible] મધ્યે [illegible] આંબલી [illegible]
ધી "મુસ્લીમ" પ્રીન્ટીંગ પ્રેસના માલેક અને મેનેજર
મીયાં ગુલામહુસેન મહમદભાઇ શરીફભાઇ
અમદાવાદમાં [illegible] છાપ્યો

આવૃત્તિ ૧ લી. સન [illegible]

કીંમત ચાર આના

“ શ્રીમતી ” મંજરી નાટકમાં આવતા મુખ્ય પાત્રો.

પુરૂષ પાત્રો.

જુગલકીશોર—એક પાકટ ઉમરનો બ્રાહ્મણ, મંજરીનો પિતા જલાલુદ્દીનનો પાલક.

જલાલુદ્દીન—એક મુસલમાન યતીમ છોકરો.

દયારામ—હિન્દુ શરાફ જુગલ કીશોરનો શાહુકાર.

રાયબહાદુર જાનકીનાથ—આગરાનો એક મશહુર શાહુકાર.

કમરૂદ્દીન—એક મશહુર મુસલમાન વેપારી.

નયનાજી—જાનકીનાથનો મીત્ર અને ચંપાનો આશક
(કાના મારવાડી)

ભંડારકર—જાનકીનાથનો વકીલ.

અમરસીંગ—એક ભીલ.

ઉદ્ધારચંદ—હિન્દુ શરાફ, ઉધારીમાં પાયમાલ થએલ.

મરોડચંદ—ઉદ્ધારચંદનો મુનીમ.

રોકડચંદ—ઉદ્ધારચંદનો જમાઇ.

કલ્લન
હરીહર — ત્રણ કડકા જેન્ટલમેન.
નીકલસન

પોલીસ કમીશનર, સિપાઇઓ, લુટારાઓ, સાધુઓ વગેરે વગેરે.

સ્ત્રી પાત્રો.

મંજરી—જુગલકીશોરની પુત્રી.

લક્ષ્મી—જાનકીનાથની સ્ત્રી.

અઝીઝા—કમરૂદીનની સ્ત્રી.

ચમ્પા—ઉદારચંદની ફેશનેબલ પુત્રી શેકરચંદની સ્ત્રી.

જવલા—ચમ્પાની દાસી.

દાસીઓ વગેરે વગેરે

પ્રસ્તાવના.

પૂર્વ વૃત્તાંત.

સ્થળ આગરા.

Man proposes God desposes

અવધ પ્રાંતના એક મશહુર શહેર આગરાનો રહેવાસી પંડિત જુગલકીશોર સન ૧૮૫૭ના દિલ્લીના બળવા પછી જ્યારે પ્લેગે હિન્દુસ્તાનપર પહેલો હુમલો કીધો ત્યારે પોતાની સ્ત્રી એટલે મંજરીની માતાને જાલીમ પ્લેગને ભેટ કરી બેઠો. મંજરી ૭ મહિનાની ઉમરમાં પોતાના માતાના મમતા ભર્યાં ખોળામાંથી જુદી થઇ. જુગલકીશોરના મોહલ્લામાં શમસુદીન નામી એક પંજાબી પોતાની ફેમેલી સાથે રહેતો હતો, તેવણને પણ જાલીમ પ્લેગે પોતાના પંજામાં ફસાવ્યા. શમસુદીન અને તેની ધણીઆણી એકવરસનો માસુમ છોકરો છોડી પોતે આ દુન્યાએ ફાનીથી કુચ કરી ગયા. એકવરસનો છોકરો પોતાના થઇ ગયેલા ઘેરની બારીમાં ઉભો રહી ફરીઆદના આક્રંદ રડે છે, પણ તેના દર્દ ભર્યાં શબ્દો તે નથી કે જેના અર્થ દુનિયાની ડીક્ષનેરીમાં મળતા થાય. જુગલકીશોર જલાલ

બાપનો મીત્ર હતો. પોતાની પત્નિને સમશાનમાં છોડી પોતાની પુત્રી મંજરીને ખોળામાં લઇ આવેલો હતો કે એની નજર જલાલુદ્દીનના દીલ ઉશ્કેરતાં ભર્યા ચહેરા ઉપર પડતાં દુઃખી દર્દમંદ જુગલકીશોર એકદમ ઉપર ગયો અને સારા ઘરમાં જલાલને જીવતો જોઇ એટલો રડ્યો એટલો કે જેના ઉપર વીતી હોય તેજ સમજી શકે. જલાલ અને મંજરી હવે જુગલની બે આંખો છે. જલાલને ઇસ્લામી તાલીમ અપાતી છે અને તેમજ મંજરીને હિન્દુ ધર્મ ચુસ્ત કીધી છે જલાલ મંજરી બેઉ ભાઇ બ્હેનનો એટલો પ્રેમ છે કે એઓના પવિત્ર પ્રેમમાં કોઇ પણ ધાર્મિક વિરૂદ્ધતા નાખી શકતો નથી.

અમારો નાટક પ્લેગના જમાનાથી લગભગ અઢાર વરસ પછી શરૂ થયું છે.

અમારા નાટકની શરૂઆત અહીંથી થાય છે.

ઈશ્વર સ્તુતિ.

અંક પહેલો.

પ્રવેશ ૧ લો. જુગલકીશોરનો મકાન.

જુગકીશોર એક દયારામ નામી સાહુકારનો કરજદાર છે અને આજે એના છેલ્લા તકાજાએ બીમાર જુગલકીશોરની હાલત વધુ ખરાબ થઇ ગઇ છે. આખરે લાચાર થઇ પોતાના જુના મીત્ર રાયબહાદુર જાનકીનાથને ચાર હજાર રૂપીયાની મદદ લેવા માટે બોલાવે છે. જાનકીનાથ રૂપીઆ આઠ દિવસની મુદ્દત ઉપર આપે છે અને તેટલી મુદત માટે મંજરીને પોતાના સાથે જામીન તરીકે લઈ જાય છે. સતી મંજરી જાનકીનાથની ધણીયાણીની સેવા કરવા માટે તઇયાર થાય છે. જલાલ પોતાની બ્હેન મંજરીના બદલે જાનકીનાથ સાથે જવા તઇયાર થાય છે. પણ જનકીનાથને મુસલમાનથી નફરત છે અને એ મંજરીનેજ લઇ જાય છે. જલાલ પોતાની ઇસલામી કૌમ પાસે ચાર હજાર રૂપીઆની ભીખ માંગવા જાય છે. જોઉ જોઇએ કે મુસલમાન પોતાના યતીમ બચ્ચા સાથે સલુક કરે છે. જલાલે જતી વખતે પોતાના કોમી બાપ પંડીતને ઘણી મગરૂરીથી આ કહ્યું હતું:—

ગયરતે કૌમી અગર ગરમા ગઈ ઇસલામકી
કયા હજારોકા બચાં લાખો હય કીમત નામકી
જાતી હેબેંગે યતીમે કૌમકી બેહ બુદકો
ઝટ ઉગલદેંગે દફીને દૌલતે મેહસુદકો

પ્રવેશ (૨) જો—ઉદારચંદ શેઠની સુગી ચંપા કે એના માથા ઉપર ફેશનનો ભૂત સવાર છે. ઉદારચંદે ઉધાર આપેલા રૂપિયા બધા ડુબી જવાથી હવે એનો વીચાર છે કે પોતાની પુત્રીને કોઈ પઇસાવાળા સાથે પરણાવવા માટે ઠરાવ કરે છે, પોતાના મુનીમ મરોડચંદને શેઠ કડચંદ નામી કરોડપતીનો કાગળ સંભળાવે છે કે ચંપા સાથે વિવાહ કરવાના વિચારથી આવે છે. બસ હવે શું છે દોલત દોલતડી થઇ જશે.

પ્રવેશ (૩) જો—જલાલ ચાર હજાર રૂપિયા માંગવા જાય છે. યંગ મુસલીમ એસોસીએશન (*young muslim association*)નો સિપાઇ મળે છે અને તેને જલાલ પોતાનો ઇરાદો જાહેર કરે છે, સિપાઇ પોતાનો પટો પહેરાવી પોતાની જમાતે એસોસીએશનના જલસામાં જવાની તરકીબ બતાવે છે. મંજરી પણ જાનકીનાથની ધણીઆણી લક્ષ્મીના મેલા કપડાં ધોવાસારૂ નદી ઉપર જાયછે કે અચાનક પોતાના ભાઇ જલાલની સાથે મુલાકાત થાય છે. ભાઈ બહેનની દુઃખભરી વાતચીત.

પ્રવેશ (૪) થો—“ *Eriole has a fall.* ”

જાનકીનાથના ઘેર આજે હોળીની લીલા લહેર થઇ રહી છે. એટલામાં પંડીત જુગલકીશોર પોતાની પુત્રીને મળવા આવે છે, પણ જાનકીનાથના તથા એની પત્નિ લક્ષ્મીએ ધક્કા તથા ગાળો આપી બહાર કઢાવે છે. જુગલ નીરાશી મને શાપ આપતો ચાલ્યો જાય છે. મંજરી પોતાના પીતાનો અવાજ સાંભળીને આવે છે અને પોતાના પીતાને ન જોતાં લક્ષ્મીને

પુરે છે, લક્ષ્મી ક્રોધમાં બેશબ્દ જવાબ નથી આપતી અને પોતાના પગ ચાંપવાને હુકમ કરે છે અને પોતે સુઈ જાય છે. જાનકીનાથ પણ શરાબની ધુનમાં સુઈ જાય છે. લુટેરાઓ આવી મંજરી પાસેથી ચાવીઓ માંગી મંજરીએ પોતાની ધણીયાણી લક્ષમીને જગાડી, લક્ષ્મી સાથે હાથા પાઈ થઈ રહી હતી કે મંજરી પોલીસ કમીશનરને ટેલીફોન કરે છે એટલામાં લક્ષમીને લુંટેરાઓ બેજાન કરે છે, મંજરીએ લુટેરાઓના સરદારની પીસતોલ ચાલાકીથી પોતાના કબજામાં લઈ લીધી અને તેજ પીસતોલથી બે લુટેરાઓને જમીનદોસ્ત કરેછે, આ જોઈ બાકી રહેલા લુંટેરાઓએ મંજરીને ઘેરી લીધી અને તેની ઉપર હુમલો કરેછે કે પોલીસ કમીશનર પોતાના હથીઆર બંધ સ્ટાફ સાથે દાખલ થાયછે મંજરીને આવા બહાદુરીભરેલા કામ માટે " બીમતી " મંજરીનો ખેતાબ ઈનાયત કરેછે.

પ્રવેશ (૫) મો—જાનકીનાથનો મીત્ર કાનો મારવાડી નથનાજી ઉદારચંદની દીકરી ચમપા ઉપર આશક છે, વળી એના સાંભળવામાં આવ્યું છે કે તેણીના વિવાહ રોકડચંદનામી શેઠ સાથે થવાના છે એથી રોકડચંદનો રૂપ બનાવી ઉદારચંદ તથા ચમપાને ઠગેછે. રોકડચંદનો સામાન સ્ટેશનથી હેલકરી લાવે છે પણ નથનાજી એને સમજાવે છે કે આ ઘર ઉદારચંદનો નથી અને એને ભલતોજ ઠેકાણો બતાવે છે.

પ્રવેશ (૬) ઠો—યંગ મુસલીમ એસોસીએશનમાંથી જલાલુદીનને કમરૂદીન નામી મશહુર વેપારી પાસેથી ચાર હજારના બદલે આઠ હજાર રૂપીયાનો ચેક મલે છે.

પ્રવેશ (૭) મો—નયનાજીને રોકડચંદ સમજી વિવાહની તઈયારી.

પ્રવેશ (૮) મો—ઓઆએ બેંકની યુ. પી.ની બ્રેન્ચમાં ચેક વટાવવા જાય છે, બેંકનો મેનેજર જલાલને ચીથરો હાલ જોઈ ચેક ચોરીનો સમજી પોલીસના સ્વાધીન કરે છે, અચાનક કમરૂદીન પણ ત્યાં આવી પુગે છે અને જલાલને છોડાવે છે જલાલને બેંકમાંથી રૂપીઆ મળે છે.

ડ્રોપ સીન.

અંક બીજો.

પ્રવેશ (૧)લો—નયનાજી તથા ચમપાના વિવાહથી ખુશીમાં નાચરંગ થઇ રહ્યું છે, એટલામાં ખરો રોકડચંદ પોતાના સામાન સાથે આવી પુગેછે, આખર દુધનો દુધ અને પાણીનો પાણી.

પ્રવેશ (૨) જો—જાનકીનાથના ઘરમાં આજે મંજરીને આઠમો દીવસ છે. જાનકીનાથની નીયતમાં ફરક આવી ગયો હોવાથી મંજરીની પતીવરતા ભંગ કરવાની ઇચ્છા કરે છે. સતી મંજરી પોતાનો દામન બચાવી રહીછે એટલામાં નયનાજી આવે છે, જાનકીનાથના રંગમાં ભંગ થઇ જાય છે, નયનાજી જાનકીનાથને ખબર આપે છે કે જલાલને રૂપીઆ મળી ગયા છે. જાનકીનાથ જુગલને અમરસીંગ ભીલના હાથે મારી નાખવા કહે છે તથા પોલીસ બોલાવવાની સલાહ કરે છે. મંજરી ભગવાનને યાદ કરેછે. શ્રીકૃષ્ણ ભગવાનના દરશન થાયછે, શ્રીકૃષ્ણ ભગવાન દિલાસો આપેછે, મંજરી એવણને પકડવા દોડે છે પણ એવણ તો ગુમ થાય છે, જુગલકીશોર જાનકીનાથને મંજરી વિષે પુછવા આવે છે અમરસીંગ ભીલ જુગલના માથા ઉપર લાકડી મારે છે, જુગલ નીચે પડે છે. જુગલ ઉપર કપડો નાંખવામાં આવે છે. મંજરી પોતાના પીતાશ્રીનો અવાજ સાંભળી બહાર આવ છે, જાનકીનાથ ફરીથી તેણીના દામન ઉપર હાથ નાખે છે કે જલાલુદીન આવીને રૂપીયા ચુકાવી આપે છે, જાનકીનાથ બારહજાર રૂપીયા લઇ જલાલ ઉપર જુગલના ખુનનો ખોટો આરોપ મુકેછે અને જલાલને પોલીસને સ્વાધીન કરે છે.

" એક આફતસે તો મર મર કે હુવા થા જીના.
પડ ગઇ ઓર યેહ કયસી મેરે અલ્લાહ જાઈ "

પ્રવેશ (૩) **જો**—જેલમાં મંજરી જલાલને મળવા આવે છે, અને જલાલને ખબર આપે છે કે જાનકીનાથ હજી સુધી પોતાની ખરાબ નીયત છોડતો નથી. જલાલ મંજરીને કમરૂદીનને ત્યાં જવાની સલાહ આપે છે, મંજરી જાય છે, જાનકીનાથ આવે છે અને જલાલને સમજાવે છે કે હજી પણ તું જો મંજરીને મારા સ્વાધીન કરે તો હું તને આ આફતથી બચાવી લેવા શક્તિમાન છું, પણ જલાલ પોતાની હઠ છોડતો નથી અને આવા દુષ્ટકામ કરવાથી પોતે મરી જવું પસંદ કરે છે.

પ્રવેશ (૪) **થો**—કમરૂદીનના ઘેરે મંજરીને આશરો મળે છે, જાનકીનાથને ખબર લાગવાથી તે કમરૂદીનને ત્યાં જાય છે અને કમરૂદીનને બહેકાવે છે પણ આખરે બે ઇજ્જત થઈ ત્યાંથી પણ જવું પડે છે.

પ્રવેશ (૫) **મો**—ઉદ્ધારચંદ નાદાર થઈ જવાથી કરજદારો હેરાન કરે છે. ચમપા પાસેથી ઘરેણાં માંગે છે. પણ તે અપાયજ કેમ ? સાસરીયામાં નામ પર ધબ્બો લાગી જાય ચમપા દાસીના હાથે ઘરેણાં મંગાવી પોતે કબાટમાં છુપાય છે, ઘરમાં બે કબાટો છે. નંબર (૧) અને નંબર (૨) નંબર (૧) માં ચમપા છુપાઈ છે. ઉદ્ધારચંદના ઘરનો સામાન બધો લીલામ થઇ ચુકયો છે હવે ઉપલાજ બે કબાટ બાકી રહી ગયા છે તેમાંથી નંબર (૨) નો લીલામ થઇ ચુકયો અને નંબર (૧) માં જેમાં ચમપા છુપાઇ જાય છે તે નયનાજીએ પાંચસો રૂપીઆમાં ખરીદ કરી લીધું, કબાટો જતા પછી રોકડચંદ આવે છે જે કબાટમાં ચમપા

છુપાઇ હતી તે કબાટનો નીલામ થઇ ગયો અને ચમપા તેના અંદર હતી, બધા અફસોસ કરે છે.

પ્રવેશ (૬) ઠો—જુગલકીશોરની લાશ ઉપર જ્યુરી બેઠી, અને જલાલના હાથે ખુન થયું એમ સાબીત થાય છે, થોડીવાર પછી જુગલને ભાન આવે છે. જુગલ જ્યુરી હાઉસના બારીમાં કુદી પડે છે, જુગલ દીવાનો થઇ ગયો છે, પોતાના ગુજરાન ચલાવવા માટે છોકરીઓની એક સ્કુલ ખોલી બેઠો છે. કમરૂદીન આવે છે અને મંજરીને વાદ્યા શીખવવા સારૂ જુગલને સુપરત કરે છે. પણ ધ્યાન રાખવું જોઇએ કે બાપ દીકરી એક બેને ઓળખી શકયા નથી.

પ્રવેશ (૭) મો—જાનકીનાથ પોતાના વકીલ ભંડારકરના સાથે જુગલના કેસમાં નયનાજીને પોતાના તરફથીસાક્ષી આપવા વિચાર કરેછે. એટલામાં નયનાજી આવે છે અને એને સાક્ષીમાં શું કહેવું તે વકીલ સાહેબ તથા જાનકીનાથ પોથી પઢાવે છે.

પ્રવેશ (૮) મો—મગેડચંદ ઉદ્ધારચંદનો મુનીમ દિલ્હીમાં શરાફનો નાની જેવી દુકાન ખોલી બેઠો છે, માણસો પોતાની ચીજો ગીરગીજ રાખવા માટે આવે છે, મરોડને લાલચ આપી ચમપાને છોડી જાય છે, રોકડચંદ આવે છે મરોડચંદ ચમપાને રોકડચંદના હવાલે કરે છે.

પ્રવેશ (૯) મો—હાઇ કોરટમાં નયનાજીની સાક્ષીએ કેસનો રંગજી બદલી નાંખ્યો, જલાલ છુટી ગયો. અમરસીંગ ભીલના નામનો વારંટ નીકળ્યો, જાનકીનાથને પકડવામાં આવે છે, પણ જામીન ઉપર છોડવાનો કોરટથી હુકમ થાય છે.

ડ્રોપ સીન.

અંક ત્રીજો.

પ્રવેશ (૧) લો—અમરસીંગ ભીલને જાનકીનાથ પોલીસ સ્વાધીન કરાવે છે, ભીલની બે છોકરીઓને જલાલ પોતાના સાથે લઇ જાય છે. નીરાધારની કીંમત નીરાધારજી કરી શકે છે.

પ્રવેશ (૨)જો-(કૃષ્ણ મંદીર) પાગલ જુગલકીશોર ભજન મંડળી જમાવી બેઠો છે, મંજરી પણ શીખવા માટે આવી છે. જાનકીનાથ નયનાજીના સાથે દર્શન કરવા માટે આવ્યો છે. જુગલ જાનકીનાથને ઓળખી લે છે, જાનકીનાથ પણ જુગલને ઓળખી લે છે, જુગલ એના પાછળ જાય છે.

પ્રવેશ (૩) જો—નયનાજી મરોડચંદને ત્યાં ચમપાને લેવા આવે છે, રોકડચંદ નયનાજીને સારી રીતે ઉલ્લુ બનાવે છે.

પ્રવેશ (૪)થો—મંજરી જલાલ કમરૂદીન અને અજીઝાને પોતાના પીતાશ્રી જીવતા હોવાની ખબર આપે છે જાનકીનાથ આવીને કમરૂદ્દીન અને જલાલની પાસે માફી માગે છે, જુગલ-કીશોર આવે છે અને બધા સામે ભેદભરમ ખોલે છે.

પ્રવેશ (૫) મો—મરોડચંદ રોકડચંદને જોધાબાઈ નામ ગાનારીને ત્યાં લઇ જાય છે, નયનાજી આ વાત સાંભળી ચમપાને ઉશકેરે છે અને પોતાની સાથે જોધાબાઇને ત્યાં લઈ જાય છે.

પ્રવેશ (૬) ઠો-અમરસીંગ ભીલને કોર્ટ તરફથી ફાંસીનો હુકમ થયો હતો કે જુગલકીશોર આવે છે ને અમરસીંગને બચાવી લે છે.

પ્રવેશ (૭) મો—કમરૂદ્દીનના ઘરમાં મંજરીને એકલી જોઇ જાનકીનાથ તથા નયનાજી દાખલ થાય છે. જાનકીનાથ મંજરીને કહે છે કે યાતો મારા દીલની મુરાદ પુરી કર યાતો મરવા તઇયાર થા. સતી મંજરી બદકામ કરવા કરતાં મરવું વધુ પસંદ કરે છે. જાનકી મંજરીને મારવા જાય છે કે જલાલ આવે છે અને મંજરીને બચાવી લે છે, જાનકીનાથ જખમી થઇ નીચે પડે છે.

પ્રવેશ (૮) મો—નયનાજીએ ચમપાને ઉશકેરવાની બાજી નો ખુબ રચી હતી. રોકડચંદને જોધાબાઇને ત્યાં ઉલ્લુ તો બનવું પડયું હતું પણ હવે ચમપા અને રોકડચંદ બેઉ મળી નયનાજીની હદ વીનાની ફજેતી કરે છે.

પ્રવેશ (૯) મો—જુગલકીશોર અને કમરૂદીને મંજરીના વિવાહ ઓનરેબલ કૈલાસનાથના પુત્ર અમરનાથ સાથે કરી આપે છે. નાચરંગનો જલસો થાય છે એટલામાં જલાલુદ્દીન આવી પહોંચે છે અને ખુશી ખબર સંભળાવે છે કે મને ઇસલામી કોમ તરફથી, ઇસલામી મીશનરીનો મોટો હોદ્દો અર્પણ કરવામાં આવ્યો છે અને એક ઓલ ઇન્ડિયા મુસલીમ ઓરફનેજની દીલ્હીમાં સ્થાપના થઈ છે.

સમાપ્ત.

અંક પહેલો.

ઈશ્વર સ્તુતિ.

બાળકો— ૧

હૈયા મોરે ઘર આવો રે,
નયનન કો બસાવો, ઘર આવો.
પીયા બસૈયા તુમ બીન બીતી ઘોર જોર સાંવર બીન—આવો.
રીઝાવો, ઝીલાવો.
પીર ધીર ન પીયે, અન સજન મીલ જાય
જાઉં લાઉં પીયાકો બુલાય પ્યારેપે પ્રાણ બલહારી
ગુનસે ધુનસે લું પુકાર—હૈયા મોરે.

ચમ્પા— ૨

મંય તો લન્ડન સે પૌડર મંગાલુંગી,
ઉસ્સે જોબનકી બ્યુટી બઢાલુંગી.
કોસમેટીક સે બાલ મંય બનાલુંગી.
વોટ યુ સે (What you say)
રહે ન કોઇ સ્ટાઈલ મેકઅર માઈ ડીયર.
ફીરંગી રોજ ઇધર ઔર ઉધર માઇ ડીયર.
બોલો બોલો પ્યારેજી યા કયસી બની લેડી,
લાઉં ગલેકી એક નેકલેસ રેહા ......મંયતો લન્ડન.

ચમ્પા— ૩

પીલી પડ ગઇ સખયોંકે બોલનસે,
તુમભી મંગાવો સબી ઇંગ્લીશ ગવનકો.
ફેશન બહાદરદાર નાર શીખના—પીલી પડ ગઈ.
નજર બદલ સકલ સખ્યાં,
તાને દેકર દીખાઈ અખ્યાં,
ચતર સુધડનાર—પીલી પડ ગઇ.

મંજરી— ૪

જોતન લગે પીર પ્રભુ વોહ તનહી જાને પીર,
ઔર ન જાને સાર કોઈ યા તુમ જાનો રઘુબીર,
તુમ જાનો રઘુબીર પીરકો પ્રીર કયું બેર લગાઇ,
બેગ ખબર લો દુઃખયારીકી ઘોર ઘટા હઇ છાઈ.
મોરી સુધ હે શામા કાહેકો બીસાર દીની,
કાહેકો ન આએ ધામ અયસે બેકદર નાહી તુમ હો.
દુખ કો હરો.

ચમપા— ૫

મત બીરમા ચલ છલબલીયા,
ન માર અયનક મે અખ્યાંરે—મત૦
મયભી પઢી અંગ્રેજી કી પોથી,
આઉં પકાકે અંગ્રેજી દલીયા.

દાસીઓ— ૬

કાહેકો ડાલે રંગ શ્યામરે સુન બંસીવાલે,
મુખસે ન બોલે કાના, મુખસે ન બોલે કાહેકો ડાલે.
ચલા જારે ઢીઠ કનાહી, રંગ ઢાલી ચોલી પરાઈ,
બારા જોરી બાર બારકી, બરે ભોલે ભાલે હો
સુખ ધામરે સુન બંસીવાલો.

મંજરી— ૭

હમસી કદર અજબ ધરાઇ.
અબ છુયાસે મોરે પ્રભુજી.
નીરધનકી બુધ બીરમાઇ,
સભીરે સભીરે દીયા બે પરકો ચરકા.
સકલ હઠીલે હરકાએ નયન ફરકા,
તારો ન.વ મોરી તુહી કન્હી યારે મંજરી
ડરત તોરી ગીરધારી.

ચમપા— ૮

જારે કાને લાલા આંખ ન મારરે,
હથીયારરે પુરે અચ્યારે.
માથેકી ખીડકી એક બંધ હુઇ હે,
ઇસકો તુ ખોલ કીવાડરે.

નયના—આંખ હય કાની પંછી પ્રેમકા જખમી,
પીંજરેમે પલકકે ડાલા.

ચમપા— ૯

મોરી ફુલી ફુલી જવાનીકી બગિયા,
અબ આએ કોઇ માલી રંગ રસીયા,
ફરચી ફરચી ભરીં અનારોંકી કલીયાં,
જયસે મટકોપે ધરા હો ગરવા.
એક દીન પુછા ભવોંસે નઝરને,
કોન હમ દોનોમે તેજ હે બડકે,
એક ગલા કાટે તો એક દિલ છેદે,
કહા મયને દોનોં બહાયે લહુ નદ્યા.

ડ્રોપ સીન.

અંક બીજો.

મંજરી— ૧૦

માકા મોહન જીરે થોર બેગારે આજો,
કોઈ લાજોરે ગુજરાતી ચુડો
કે હાથે મોડે રૂડો,
કહીં ચુડો લાજો ચીપ ઘડાજો ઝાઝરમાં,
(ઝમકા જો) મૃગ મૃગ નયની રીગરજ,
પડે તો મોંગા મોતી લાજો—માકા મોહન.

મંજરી— ૧૧

ભગત બે ચેન હો કયું કર તુમે આરામ રહે.
આ ગઈ શામ યહાં ઔર કહાં શામ રહે,
દુખને છેદા હય યે મન; રંજસે સુખા હય બદન.
આબ તેરે સુખસે લગી બંસરી યે શ્યામ રહે.
લાજ કયા અપની ગવાલે યે ગવાલે બતલા.
દાસી લુટ જાય તુ બેકુંઠમે બીશરામ રહે.
નાગ સેવાહુ ન હો નામ દેસાઈ ગીરધર,
આપકી મંજરી કે નામકા કૃષ્ણ નામ રહે.

શ્રી કૃષ્ણ—   ૧૨

સુભહા જન્નતસે તેરા શ્યામ મૈ આરામ રહા,
તડપા પરવાના તો ક્યા શમાકો આરામ રહા,
મુજકો આનાહી પડા તેરી મહેફિલકો બુલબુલ,
જબ તેરે વાસ્તે દાના ન રહા દામ રહા,
મેં યેહી સમજા થા કે કલજુગમેં કોઈ ભકત નહીં,
તેરી ભક્તિ સે યે સમજા કે મેરા નામ રહા.

શ્રી કૃષ્ણ—   ૧૩

ઉઠ જાગ મુસાફર રૈન ગઈ રવી થાલમે કેસર લાયા હય,
તેરે માથે તીલક કરને કે લીયે ખુદ કૃષ્ણ કન્હયા આયા હય
ઉસ નયનમે જોતી સરૂપ રહે જીસ નયનમે નીર સમાયા હય
તેરે જલસે જલા હય યે પ્રેમ દીયા ક્યા ખુબ દીયા યેહ
જલાયા હય.

મંજરી—   ૧૪

દરશન દે ગએ નાથ હમારે નેત્ર રહે દરશનકે પ્યાસે,
સુર્ય છુપા નયનો કે હોતે સુર્ય મુખી ક્યા કહે બટાસે.
મું તકતા હી રહે ગયા દર્પન બની જલાવા દર્શન છાયા,
છા ગઈ મનમે છબી તો છીપકર આંખો કો કુછ
નજર ન આયા.

અભી અ ના ઓ કાના તોહે જાને ન દુંગી રખ્ખુંગી
બનસી છુપાય કે.
મોરે માખનકે ચોર તોરી ચોરી કહુંગી લુટુંગી
ઘરમે બુલાયકે.
તોરી હાસી ઉદાસી રે બાંકે બેહારી,
બીગડીકો જાના બનાયકો.
કુળ છોડે ન મંજરી તે હારે ચરણ તોહે,
પાયા હય જગકો ગવાય કે

મંજરી— ૧૫

અય અરબ કે દેવતા જાતી હું મુસલીમ દ્વારમે,
કરતી આરાધન તેરા ફરીઆદ કે આકારમે.
મુશકીલે આસાન કર દેના દયા આધીન કી,
દુર દશામે મંજરી કી ઔર જલાલુદીન કી.

ગાનારીઓ— ૧૬

પીકે હમ તુમ જો ચલે જુમતે મયખાનેસે,
ઝુકકે કુચ્છ બાત કહી શીશેને પયમાનેસે.

હમને દેખી હય કીસી શોખકી મરની ભરી આંખ.
મીલતી જુલતી હય છલકતે હુવે પયમાનેકે.
પીલુ પકયાવે પકયાનીવે અસુને રલયાર,
હયાં પથરાંનું લા કે મહંદી, તેનું વેખણુ ચીક,
વીચ એંદી.
આ મેરે દિલદાર થકે આઇ અખ્યાવે અસુને રલયાર
યાર ગયા તે મુડન આયા પતા નહસ્યા ખત ન પાય
રસ પીયા ગલલા આસયાં રખ્યાવે
રખ્યાની નેવે આસુને રલયાર.

મંજરી— ૧૭

કોઇ ફરીઆદ તો સુન લે કીસી નીરદોષ અબલાકી,
દીયા બનવાસ ગુરમતને દોહાઇ રામ રાજાકી,
જીગરમે પડ ગયે સુરાખ ગમસે હો ગઇ કાંટા,
બની હય બંસરી અબ દેહ મે સારી કન્હયાકી.
એહસન હો ગયે બાહુમ નહિ હયે છત્ર છત્રીકા,
મુસલમાનો તુમહી દોડો મદદ કો એક કન્યાકો.

મરોડચ્ચંદ— ૧૮

બન્ચા સોંચ લેરે ઠડે હીલકર મીલકર રહેના,
છત્રી બનકર છાંઉ મે રહેના હિંદુ લોટે હુડે.
હાથ જોડું હું થાહરે આગે મશલમાનકે ?ંડે.
ભાઈકા તું ઠંડા હય ઔર ભાઈકે ઘર આયા.
ઝગડા મત કરવાના કોઈ દોને ઘર હય ઠડે—બન્ચા
અલ્લાહવાલે ડંડેસે મીલ રહેના હરી કે લોટે,
ઉછલ ઉછલ કર બાત ન કરના લ બૈસે તુ છોટે—બન્ચા.
સાહેબકી પતલુન તુ હે ઔર મશલમાનકા ડંડા
તુભી અકડુ વોહભી અકડુ ખાના મીલકર અંડા.
બાઇ સોચ લેરે પતલુન હીલ મીલકર રહના.

ડ્રોપ સીન.

અંક ત્રીજો.

મંજરી— ૧૯

લાલી ઔર સુફેદી કાલક મીલી નેનકે દેશ
લાલી પ્રેમ બનાએ સુફેદી પાલન કરે હમેશ
પાલન કરે સુફેદી મારે કાલક બાણુ વિશેષ
યો નયનોમે તીનો રહતે બ્રહ્મા વિષ્નુ મહેશ
તુમ ગોકલકે છોરે મોહે ગોરસ દીયોરે ભર ભરકે કટોરે
હુઈ આંસુકી લડિયાં ગઈ સાવનકી ઝડિયાં
તોરા સુમરન કીયોરે
તુને બીછડે મીલાય પીતા મોહે જીલાય
મોહે અમરત દીયોરે

નયનાદેવી-ચમ્પા— ૨૦

જરા દેખે તો ચલકર—હાં
સાથ લે લીજીયે હનટર—હાં
ગયા રંડી કે ઘરપર—હાં
તુમ મરતી હો ઉસપર—હાં
જોયા કે ઘરમેં સારંગી ઠેસે
જીઉકા પ્યાર કીયા રામ ભરોસે
જરા મંગાવો મોટર—હાં
ટાયર હો ગયા પંક્ચર—હાં

૨૧

નયનાજી—દેશી જુતે મારો પાર, અર મેરા હૈ ફેશનદાર.

ચમપા—નયના કાની આંખ વો માર,

રોકડચંદ—ફેશનકી હય યેહ પીટકાર.

ઓડચંદ—કાની આંખકો ફોડો યારો,

નયનાજી—મરે કુવેકો ઓર ન મારો.

ચમપા—પકડો દેઓ જુતે ફટકારો.

નયનાજી—

Twinkle Twinkle little Star,
How I wonder what you are

સમાપ્ત.

દોસ્તો ! ક્યાં કીંમત છે !

મફત લેતા જાઓ !

કાચ નહીં પણ હીરા

૧. સંકટ, આફતથી ગભરાવું નહીં, સુખથી કે જીતથી ફુલાવું કુદવું નહીં.

૨. દગાથી, જુલમથી, અનીતિથી મેળવેલ ધન,આરામથી ખાવાની ઉમેદ રાખીશ નહીં.

૩. નીચ દુનીયાદનો હરામખાઉ, જુલમીઓ એનાથી ભલાઇની આશા રાખતો ના.

૪. ખોટા બોલો, જુલમીઓ, લાંચીયાઓ, ખુશામતીયા એવાના કસમનો ઇતબાર નહીં.

૫ ગામ, સગાઓ, દોસ્તો, એઓની નવાજેશથી દોલતમંદ થવાનું ખ્યાલ કરતો નહીં.

૬. લાંચીઆ ને જુલમીઆ બીજાનું ભલું તેમજ પોતાનું ભલું કદી કરવાના નહીં,

૭. ખુસ જુલમીઓ ખુસ લાંચીયાથી તારા દોસ્તોને ઓળખુ આપવામાં ભુલ કરતો ના.

૮. જુલમી જુલમ કરે, ન્યાય અન્યાય કરે, તો ખુદા પાસે ફરીઆદ કરવાને ચુકતો ના.

૯. ગરીબને દુઃખી કે હાનો કરી આસાર સો દેહ દુખાવું એવો વીચાર કરતો ના.

૧૦. ભીડાબોડા, રુશવતખોરવાળાં, તેના રામ ભરોસે ન કરી ઓળખાવેલો ભરોસો કરતો ના

૧૧. ખીજમતના ફરજુઓ તપાસવા પહેલાં, પોતાની ખુશી મુજબનો દરાવવાને ચુકતો ના.

૧૨. મોત એવી છે, આદમજાત આગળ ના ટાળે નહી, એ તેનું કામ ની ફીકર કરતો ના.

વિસરામ મુળજી માલીયાવાળા. આયર્ન એન્ડ સ્ટીલ ક્રાસ મરચન્ટ

૬૦ બે ટાંકી, મુંબઇ પો: નં ૯.